# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સેવા પરમો ધર્મઃની ભાવના દેશની પ્રગતિની સૌથી મોટી પ્રેરક શક્તિ બની શકે – વડનગરથી વારાણસી સુધી યાત્રા કરી રહેલા સેવાયાત્રીઓ સાથે પ્રધાનમંત્રીનો સંવાદ.

2) પ્રધાનમંત્રીએ ઉત્તરપ્રદેશના ગ્રેટર નોયડામાં યમુના એક્સપ્રેસ વે પર બસમાં આગની દુર્ઘટનામાં થયેલી જાનહાની અંગે દુઃખ વ્યક્ત કર્યું.

3) સરકારે ઘરેલુ ખાદ્યતેલોના ભાવને નિયંત્રિત કરવા મુખ્ય આયાતી કાચા ખાદ્ય તેલો પરની મૂળ કસ્ટમ ડ્યુટી ઘટાડી.

4) ગુજરાતમાં વડોદરાના અલકાપુરીમાં 166 કરોડ રૂપિયાના ખર્ચે ચાર લેનવાળા રોડ ઓવરબ્રિજના નિર્માણને રેલવેની મંજૂરી.

5) એશિયન ગેમ્સમાં ચીનને હરાવી ભારતીય પુરુષ ટીમ કબડ્ડી સ્પર્ધાની સેમિ-ફાઈનલમાં.

***************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV SEVA SANKALP YATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જીવનનો મુખ્ય ઉદ્દેશ સેવા દરેક વ્યક્તિમાં સ્વાભાવિકપણે હોવો જોઈએ. તેમણે કહ્યું, રાજનીતિમાં પણ સર્વોચ્ચ પદ પર પહોંચ્યા બાદ સેવા જ માર્ગદર્શક સિદ્ધાંત રહેવી જોઈએ. પ્રધાનમંત્રી આજે વડનગરથી વારાણસી સુધી યાત્રા કરી રહેલા સેવાયાત્રીઓ સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સંવાદ કરી રહ્યા હતા. તેમણે કહ્યું, સેવા પરમો ધર્મઃ એટલે સેવા જ સર્વોચ્ચ કર્તવ્ય છે અને આ ભાવના દેશની પ્રગતિની સૌથી મોટી પ્રેરક શક્તિ બની શકે છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – SEVA

*सेवा यही मुख्य हमारा काम होना चाहिए और हम सेवा कर कर के ही सेवा का संदेश देंगे, शब्दों में नहीं देंगे। हमारे अपने आचरण से लोगों को पता चले कि राजनीति में सत्ता कितनी ही क्यों ना बड़ी हो, लेकिन हमारा मार्ग सेवा का ही रहेगा, कितने ही ऊंचे शिखर पर पहुंचेंगे, लेकिन सेवा परमो धर्म इस भाव को लेकर आगे बढ़ेंगे।*

પ્રધાનમંત્રીએ વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની મહત્વની ભૂમિકાને વધારવા પણ આહ્વાન કર્યું.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – VIKSIT BHARAT

*(इस वर्ष लालकिले से शक्ति की जिन सप्त धाराओं की चर्चा मैंने की है, मैन्युफैक्चरिंग की धारा, टेक्नोलॉजी इनोवेशन की धारा, कनेक्टिविटी की धारा, ऐसी सात धाराएं विकसित भारत के निर्माण की बहुत बड़ी ऊर्जा बनेगी और इस ऊर्जा को देश के हर नागरिक से ही गति मिलेगी। जो आपकी ये ऊर्जा, आपके ये अनुभव विकसित भारत की यात्रा को और गति देंगे।)*

દરમિયાન સેવાયાત્રીઓએ પ્રધાનમંત્રી સાથે પોતાનો અનુભવ રજૂ કર્યો.

# REV UP BUS ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના ગ્રેટરનોયડામાં યમુના એક્સપ્રેસ-વે પર ગઈકાલે રાત્રે સ્લિપર બસમાં આગની દુર્ઘટનામાં થયેલી જાનહાની અંગે દુઃખ વ્યક્ત કર્યું. આ દુર્ઘટનામાં નવ પ્રવાસીએ જીવ ગુમાવ્યા હતા. પ્રધાનમંત્રીએ પ્રત્યેક મૃતકના પરિવારજનને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે-બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયાની સહાય રકમ આપવાની જાહેરાત કરી.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને અધિકારીઓને ઈજાગ્રસ્તો માટે યોગ્ય તબીબી સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. ઉત્તરપ્રદેશ સરકારે બે-બે લાખ રૂપિયાની સહાય રકમ આપવાની જાહેરાત કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ દુર્ઘટના જેવરમાં દયાના-ત્પુર ગામ પાસે અડધી રાત્રે સર્જાઈ હતી. ગ્રેટર નોયડાના પોલીસ કમિશનર રવિ શંકરે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું, બિહારમાં નોંધણી થયેલી સ્લિપર બસ દિલ્હીના કશ્મીરી ગેટથી મહોબા જઈ રહી હતી અને તેમાં અંદાજે 35 જેટલા લોકો સવાર હતા.

જેવર પોલીસે આ મામલે પ્રાથમિક ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. જ્યારે બસના ચાલક અને કંડક્ટરને પકડી લેવાયા છે. પોલીસે જણાવ્યું, નવ મૃતકોની ઓળખ હજી સુધી થઈ શકી નથી.

# BCD EDIBLE OIL

સરકારે ઘરેલુ ખાદ્યતેલોના ભાવને નિયંત્રિત કરવા મુખ્ય આયાતી કાચા ખાદ્ય તેલો પરની મૂળ કસ્ટમ ડ્યુટી એટલે કે, સીમાવેરો ઘટાડ્યો છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું, કાચા સૂર્યમુખી તેલ પરની મૂળ કસ્ટમ ડ્યુટી ઘટાડીને શૂન્ય કરી દેવામાં આવી છે. જ્યારે, કાચા સોયાબીન તેલ અને કાચા પામ ઓઈલ એટલે કે, તાડના તેલ પરનો વેરો 10 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

મંત્રાલયે જણાવ્યું કે સરકારે કાચા અને રિફ્લાઇન્ડ એટલે કે, શુદ્ધ ખાદ્ય તેલો વચ્ચેના આયાત વેરાના તફાવતને 19.25 ટકા પર યથાવત્ રાખીને શુદ્ધ ખાદ્ય તેલો પર લાગુ થતા સીમાવેરાને પણ ઘટાડ્યો. આનો ઉદ્દેશ ગ્રાહકોને રાહત આપવી અને ખાદ્યતેલોના ભાવને નિયંત્રિત કરવાનો છે તેમ મંત્રાલયે વધુમાં જણાવ્યું.

# NEET PG RESULT

રાષ્ટ્રીય તબીબી વિજ્ઞાન પરીક્ષા બોર્ડે તેની સત્તાવાર વેબસાઈટ પર નીટ પીજી-2026નું પરિણામ જાહેર કર્યું. વર્ષ 2026-27ના પ્રવેશપત્રના વિવિધ M.D, MS, DNB, ડૉક્ટર NB છ વર્ષના અભ્યાસક્રમ અને પીજી મૅડિકલ ડિપ્લોમા પાઠ્યક્રમોમાં પ્રવેશ માટે 30 ઑગસ્ટે દેશભરમાં પરીક્ષા લેવાઈ હતી.

બોર્ડના જણાવ્યા મુજબ, કુલ બે લાખ 65 હજાર 960 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. બોર્ડે જણાવ્યું, ઉમેદવાર પહેલી ઑક્ટોબર અથવા ત્યારબાદ સત્તાવાર વેબસાઈટથી પોતાનો સ્કોરબોર્ડ ડાઉનલોડ કરી શકે છે. સાથે જ જવાબવહી પહેલી ઑક્ટોબરની બોર્ડની વેબસાઈટ પર જાહેર થઈ શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# CUTTACK SEVA SANKALP ABHIYAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા જનસેવાથી દેશસેવાના સંકલ્પ અને અવિરત્ જનસેવાની ભાવનાથી પ્રેરીત રહી છે. આ સેવા અને સુશાસનના વિચાર સાથે સરકાર વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં કામ કરી રહી છે. અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020એ આ વિચારને કઈ રીતે વાસ્તવિકતામાં રૂપાંતરિત કર્યો છે.**

## (CAPSULE: ANKITA MAKVANA)

(..... નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નો ઉદ્દેશ દેશની શિક્ષણ વ્યવસ્થાને વધુ સમાવેશી, સરળ અને વિદ્યાર્થી કેન્દ્રીત બનાવવાનો છે. તે અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં વિષયની પસંદગીમાં વિદ્યાર્થીઓને વધુ સ્વતંત્રતા, બહુવિષયક અધ્યયન, કૌશલ્ય વિકાસ, શોધ અને નવાચારને પ્રોત્સાહન અપાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને દેશભરમાં લાગુ કરવાની દિશામાં ઓડિશા પણ સતત આગળ વધી રહ્યું છે. આ નીતિને અનુરૂપ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જરૂરી પરિવર્તન કરવામાં આવી રહ્યા છે. સરકારનું ધ્યાન વિદ્યાર્થીઓને પરંપરાગત ડિગ્રીની સાથે-સાથે રોજગાર અને ઉદ્યોગસાહસિકતા માટે જરૂરી કૌશલ્ય ઉપલબ્ધ કરાવવા પર કેન્દ્રીત છે. આ ઉપરાંત ભારતીય ભાષાઓ, સ્થાનિક આવશ્યકતાઓ અને તકનીકી શિક્ષણને નવી શિક્ષણ વ્યવસ્થામાં જોડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નવી શિક્ષણ નીતિમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધારવાની સાથે શોધ અને નવાચાર માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ અંગે રાજ્યના ઉચ્ચ શિક્ષણ મંત્રી સૂર્યવંશી સુરજ જણાવે છે કે,

(BYTE: SURYAVANSHI SURAJ, EDUCATION MINISTER)

રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું પાલન માત્ર પાઠ્યક્રમ બદલવા સુધી મર્યાદિત નથી, પરંતુ તેનો વ્યાપક ઉદ્દેશ વિદ્યાર્થીઓને જ્ઞાન, કૌશલ્ય અને તકથી સશક્ત બનાવવાનો છે.

અંકિતા મકવાણા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# RAILWAY BRIDGE PROJECTS

ભારતીય રેલવેએ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના અલકાપુરીમાં ચાર લેન વાળા રોડ ઑવરબ્રિજના નિર્માણને મંજૂરી આપી. રેલવે મંત્રાલયે જણાવ્યું, 166 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી આ પરિયોજનાનો ખર્ચ રેલવે અને રાજ્ય સરકાર વચ્ચે સમાન રીતે ઉઠાવશે.

મંત્રાલયે જણાવ્યું, રોડ ઑવરબ્રિજથી રેલવે કામગીરીમાં ખલેલ પહોંચાડ્યા વગર વધુ સારી અને વધુ કાર્યક્ષમ ક્રૉસિંગ સુવિધા ઉપલબ્ધ થશે. આ પરિયોજના વડોદરા રેલવેમથકની આસપાસ કનેક્ટિવિટીને મજબૂત કરશે અને વધુ અસરકારક ક્રૉસિંગ વ્યવસ્થા પૂરી પાડશે.

આ સાથે જ રોડ ઑવરબ્રિજ વડોદરા રેલવેમથક, GSRTC બસમથક અને આગામી હાઈ-સ્પીડ બૂલેટ ટ્રેનમથક માટે પણ કનેક્ટિવિટી પૂરી પાડશે.

# KABADDI ASIAN GAMES

એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ટીમે ગૃપ એ-ની પોતાની છેલ્લી મેચમાં ચીનને 37-21થી હરાવી કબડ્ડી સ્પર્ધાની સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો. ગૃપ તબક્કામાં આ ભારતનો સતત ચોથો વિજય છે. અગાઉ ભારતે દક્ષિણ કોરિયા, જાપાન અને બાંગ્લાદેશને હરાવ્યું હતું. બીજી તરફ ભારતીય મહિલા ટીમે ઈરાનને 37-23થી હરાવ્યું. તો, હોકીમાં ભારતીય પુરુષ ટીમ અને સ્ક્વૉશમાં ભારતીય ખેલાડીઓની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી. જ્યારે ટૅબલ ટેનિસમાં માનુષ શાહ પુરુષ સિંગલ્સ, શ્રીજા અકુલા અને સિંડરેલા દાસ મહિલા સિંગલ્સ તથા દિયા ચિતાલે અને યશસ્વિની ઘોરપડે મહિલા ડબલ્સ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં છે.

આ અંગે અમારા સંવાદદાતા મુકેશ કુમાર બલનો અહેવાલ સાંભળો..

**(VOICE CAST : MUKESH KUMAR BAL)**

*(जापान एशियाई खेलों में भारतीय खिलाड़ियों का पदक जीतने का सिलसिला आज भी जारी है। अनंतजीत सिंह और पारिनाज धालीवाल ने निशानेबाजी में मिक्स्ड टीम स्पर्धा में कांस्य पदक जीत लिया है। भारतीय जोड़ी ने 44 के स्कोर के साथ तीसरा स्थान हासिल किया है। इससे पहले, रोशीबिना देवी नाओरेम ने वूशु में महिलाओं के 60 किलोग्राम सांडा स्पर्धा में रजत पदक जीता है। सतनाम सिंह और सलमान खान की जोड़ी ने नौकायन की पुरुष डबल स्कल्स स्पर्धा में कांस्य पदक अपने नाम किया। रोशीबिना देवी को फाइनल मैच में चीन की झांग शियाओयू से 0-2 से हार का सामना करना पड़ा।)*